# અભાવમાં પણ ઉર્ધ્વગમનનું માર્ગદર્શન કરતું પર્વ : દિવાળી

**વાળી પૂર્ણપણે સમાપ્ત થઈ ગયેલા ચંદ્રની અંધકારભરી અમાસની રાતે અર્પણ હોવા છતાં પૂર્ણના અંશ એવા દીપકના પ્રયત્નનો ઉત્સવ છે. આ દીપક મનુષ્યને પૂર્ણતા તરફ જવા માટેનું માર્ગદર્શક કરે છે. એટલે જ તો દીપજ્યોતિને નમસ્કાર કરી તેના પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો ઉત્સવ દિવાળી છે. જે મનુષ્યને જીવનનાં અંધારામાં અજવાળું મેળવવા માટે પ્રયત્ન કરવાનું પ્રોત્સાહન આપે છે.**

દીપજ્યોતિર્નમોસ્સ્તુતે ।અર્થાત્ તે દિપકની જ્યોતિને નમસ્કાર. ભારતીય સંસ્કૃતિનો આધારસ્તંભ છે કૃતજ્ઞતા. સૃષ્ટિનાં પ્રત્યેક તત્ત્વ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાનું માધ્યમ અને માર્ગદર્શન ભારતીય ઉત્સવો છે. સૃષ્ટિનું પ્રત્યેક તત્ત્વ મનુષ્યને પૂર્ણત્વ તરફ લઈ જવા માટે મદદરૂપ થાય છે. દિવાળી પૂર્ણપણે સમાપ્ત થઈ ગયેલા ચંદ્રની અંધકારભરી અમાસની રાતે અપૂર્ણ હોવા છતાં પૂર્ણના અંશ એવા દીપકના પ્રયત્નનો ઉત્સવ છે. આ દીપક મનુષ્યને પૂર્ણતા તરફ જવા માટેનું માર્ગદર્શક કરે છે. એટલે જ તો દીપજ્યોતિને નમસ્કાર કરી તેના પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો ઉત્સવ દિવાળી છે. જે મનુષ્યને જીવનનાં અંધારામાં અજવાળું મેળવવા માટે પ્રયત્ન કરવાનું પ્રોત્સાહન આપે છે.

ભારતીય સંસ્કૃતિ, સભ્યતા અને સમાજે જુદી જુદી પરંપરાઓ કે ઉત્સવો દ્વારા વૈજ્ઞાનિક મનોવૈજ્ઞાનિક, ધાર્મિક અને આધ્યાત્મિક દ્રષ્ટિએ મનુષ્યને પૂર્ણત્વની પ્રાપ્તિ કરાવવા માટેનું માર્ગદર્શન કર્યું છે. જો કે સાંપ્રત સમયમાં ઉત્સવો માત્ર વ્યાવસાયિક બની રહ્યા છે. ઉપરથી ઉત્સવોમાં પેસી ગયેલો દેખાડો ઉત્સવોના સાંસ્કૃતિક અને આધ્યાત્મિક પ્રકાશને ઝાંખો પાડી રહ્યો છે. એટલે જ તો દિવાળીના ઉત્સવમાં દીવા કે ફટાકડાની સાથે સાથે જરૂરી પૂજા પદ્ધતિના નેપથ્યમાં રહેલાં સાંસ્કૃતિક આધ્યાત્મિકતાના મહત્વથી યુવા પેઢી અપરીચિત છે. હશે, સમય સમયનું કામ કરશે.

દિવાળીમાં આપણે જે દીવડાં પ્રગટાવીએ છીએ એ દીપજ્યોતિનો પ્રકાશ હંમેશા ઉર્ધ્વગમન જ કરે છે. દીપજ્યોતિને ઊંધી પકડીએ છતાં તો પણ પ્રકાશ તો ઉર્ધ્વગમન જ કરશે. એટલે આપણે પ્રગટાવેલો પ્રત્યેક દિપક મૌન રહીને આપણને જણાવે છે કે પરિસ્થિતિ વિપરીત હોઈ શકે છતાં પણ મનુષ્ય તરીકે મારે ઉર્ધ્વગમન કરવા માટે ઉત્સાહિત

**મનનમ્**



**યોગેશ ગોરાને**
આચાર્ય
વિનય મંદિર દાંડી

રહેવું જોઈએ. દિવાળી અમાસની રાતે હોય છે, અમાસનાં ગાઢ અંધકારમાં એકાદ દીપકનો પ્રકાશ પણ માર્ગ પ્રકાશિત કરી શકે છે, તેમ ભૌતિક સમૃદ્ધિના અભાવમાં કે આર્થિક અગવડની વચ્ચે પ્રેમના દિવાનો પ્રકાશ જીવનપથને પ્રકાશિત કરવા માટે પૂરતો થઈ જાય છે. એવો કંઈક મૂકસંદેશ દીપક આપણને આપે છે પણ આપણે એ સમજીએ ખરાં ?

ભાવ, લાગણી, પ્રેમને કોઈ પૈસાથી ખરીદી શકે એમ નથી. અભાવનાં અંધકારમાં પણ પ્રેમના દિવાનો પ્રકાશ મનુષ્યનાં જીવનપથને -કાશિત કરે છે. પણ આધુનિકતા કે ભૌતિકતા માણસ ઉપર એવી અસવાર થઈ ગઈ છે કે મનુષ્યને મન લાગણી કરતા ધનસંપત્તિ - પૈસાની માંગણીનું મહત્વ વધતું જાય છે. એટલે જ તો ક્યારેક બીજાના ઘરની ખુશીઓ ખેંચીને પણ નાચ-રુશ્વત કે અવડે માર્ગે ધન મેળવીને દિવાળી ઉજવવાનો પ્રયત્ન થાય છે.

ખરેખર તો તહેવારોમાં ભૌતિક સુખ-સંપદા કરતા પણ મહત્વની છે હૃદયની લાગણી અને ઉત્સાહની સંપત્તિ. એટલે જ તો ક્યાંક દિવાળી કરોડોમાં ઉજવાતી હશે તો ક્યાંક દિવાળી ઉજવવા માટે ૧૦૦૦-૫૦૦૦ પણ પૂરતા થઈ જાય છે. મહેનત અને આનંદના બે કોડિયાની સામે કરોડોના ખર્ચે રક્ષણ કરેલી ઈમારતોમાં પ્રેમ અને લાગણીઓનો પ્રકાશ નથી તો લાખોની ઝગમગ શું ?

ઉત્સવો ઉજવણીની દ્રષ્ટિએ મહત્વના છે તો સાથે સાથે ઉત્સવોની પાછળનું મહત્ત્વ જાણવું પણ જરૂરી છે. હાલમાં ઉજવાતા ઉત્સવો પ્રાણ વિનાની ઢીંગલી જેવા છે.

જે માત્ર બહારથી સુશોભિત છે પણ આત્મા ન હોવાને કારણે નકામી છે. એટલે જ તો સપ્રીમ કોર્ટે કંઈ પણ સાંભળ્યા વિના માત્ર આઠ લીટીઓમાં જ કહી દીધું કે દિવાળીમાં ફટાકડા ફોડવા એ માત્ર ઉજવણીનો ભાગ છે, ધાર્મિક દ્રષ્ટિએ એનું કોઈ મહત્વ નથી. જ્યારે આપણા પ્રાચીન ગ્રંથો-પુરાણોમાં ખાસ કરીને પદ્મપુરાણના કાર્તિકેય મહાત્મ્યમ્ (પદ્મપુરાણ, ૨/૯/૬૫)માં દિવાળી વખતે તનકતારા (ઉલ્કદાનમ)નો પ્રકાશ કરવો એવા ઉલ્લેખો પ્રાપ્ત થાય જ છે. પણ પરંપરાથી અજાણ હોવાને કારણે આપણે આપણી જ સંસ્કૃતિને બીજાની દ્રષ્ટિએ અયોગ્ય સિદ્ધ થતી જોઈ રહ્યા છીએ.

પ્રદૂષણની દ્રષ્ટિએ ફટાકડાં અગત્યના નથી પણ આપણે પરંપરા અને સંસ્કૃતિનાં મહત્વથી પરિચિત હોવું જરૂરી નથી કે? જો આપણે આપણી જ સંસ્કૃતિ, આપણી પરંપરાઓને નહીં જાણીશું, એનું મહત્વ નહીં સમજીશું તો એક દિવસે પારકાઓ આપણી સમક્ષ પૂર્ણ વૈજ્ઞાનિક અને બુદ્ધિનિષ્ઠ પરંપરાઓને ઢોંગ કે અયોગ્ય પ્રસ્થાપિત કરશે અને આપણે જ એનો વિરોધ કરવા ઊભા થઈશું; સંસ્કૃતિનું મહત્ત્વ ગુમાવીશું.

જે પ્રજા સંસ્કૃતિ ગુમાવે એ પ્રજા પતનને આમંત્રે છે

એવું ઈતિહાસ પ્રસિદ્ધ છે. એટલે જ પ્રત્યેક કુટુંબમાં માત્ર ફટાકડા કે બહારની રોશનીને જ મહત્વ ન આપતા દિવાળીનું સાચું મહત્ત્વ યુવાપેઢી સુધી હસ્તાંતરણ કરવા સજાગ રહીએ. સંસ્કૃતિ અને બુદ્ધિની સાથે સાથે પ્રેમ અને જ્ઞાનના પ્રકાશ થકી ભૌતિક સમૃદ્ધિના અભાવમાં પણ આનંદિત રહી શકાય એ સમજાવવા જ પૂજ્ય પાંડુરંગ શાસ્ત્રીજી અને સ્વામી દયાનંદ સરસ્વતીએ દિવાળીના દિવસે મહાનિર્વાણ કર્યું હશે. તો ચાલો આપણે પણ એ જ રીતે અજ્ઞાનનું મહાનિર્વાણ કરીને જ્ઞાનનું મહાપર્વને ઉજવીએ.

**પશ્ચિમ રેલ્વે**

**ક્ષતિગ્રસ્ત એલઈડી લાઈટને બદલવી**

સિની. ડીઈઈ/પી/બીસીટી ટેન્ડર નોટીસ નં. ઈએલ ૮૧/૧/ડબલ્યુએ/૬૫ મંગાવે છે તા. ૦૯/૧૧/૨૦૨૩. **કામ અને સ્થળ : વલસાડ સેકશન - ઉમરગામથી ભેસ્તાન સ્ટેશન ખાતે પ્રકાશ વ્યવસ્થા સુધારવા માટે બગડેલી અગાઉથી ફીટ કરેલ એલઈડી ટ્યુબલાઈટો બદલવી. કામની અંદાજિત કિં. રૂા. ૪,૮૪,૫૦૦/- બિડ સિક્યુરીટીની કિંમત : રૂા. ૯,૭૦૦/- ભરવાની તારીખ અને સમય : તા. ૦૪/૧૨/૨૦૨૩ના ૧૫:૦૦ કલાક સુધી. ખુલવાની તારીખ અને સમય : તા. ૦૪/૧૨/૨૦૨૩ના ૧૫:૩૦ કલાક સુધી.** નોંધઃ ટેન્ડર દસ્તાવેજ, સુધારા અને વધુ વિગતો ડાઉનલોડ કરવા માટે કૃપા કરીને અમારી વેબસાઈટ www.ireps.gov.in ની મુલાકાત લો.
0841
અમને લાઈક કરો facebook.com/WesternRly

@home THE MEGA HOME STORE

## નિલકમલ લિમિટેડ

**CIN : L25209DN1985PLC000162**
રજી ઓફીસ: સર્વે નં. ૩૫૪/૨ અને ૩૫૪/૩, રાખોલી બ્રીજ પાસે, સિલ્વાસા – ખાનવેલ રોડ,વસોના ગામ, સિલ્વાસા – ૩૯૬૨૩૦ (દા અને ન.હ.)
વેબસાઈટ : www.nilkamal.com • ઈ–મેલ : investor@nilkamal.com
Nilkamal

### પોસ્ટલ બેલેટ નોટિસ અને રિમોટ ઈ-વોટિંગ પ્રક્રિયા

આથી નોટિસ આપવામાં આવેછે, કંપની ધારા, 2013 ('act') ની કલમ 108, 110 અને બીજા લાગુ પડતાં નિયમો અનુસાર કંપનીઓના (મેનેજમેન્ટ અને એડ્મિનિસ્ટ્રેશન) નિયમો 2014 ના નિયમ 20 અને 22 ( કે સમયસર જેમાં આવશ્યક સુધારાઓ અને / અથવા પુનઃ અમલ કરાયેલ છે), તદઉપરાંત મિનિસ્ટ્રી ઓફ કોર્પોરેટ અફેયર્સ ( MCA ) દ્વારા જારી કરવામા આવેલ સામાન્ય પરિપત્ર ક્રમાંક ૧૧/૨૦૨૨ તારીખ ૨૮ મી ડિસેમ્બર, ૨૦૨૨ અને એમ સી એ (MCA) દ્વારા સમયસર જારી કરાયેલા અન્ય લાગુ પડતાં પરિપત્રો, સીક્યુરિટી અને એક્સ્ચેંજ બોર્ડ ઓફ ઈન્ડિયા ના નિયમન ૪૪ ( લિસ્ટિંગ ઓબ્લીગેશન્સ અને ડિસ્કલોઝર જરૂરીયાતો) નિયમ, 2015 અને અન્ય લાગુ કાયદા, નિયમ અને વિનિયમો મુજબ કંપનીએ સોમવાર, તારીખ ૧૩ મી નવેમ્બર ૨૦૨૩ સુધી પોસ્ટલ બેલેટ નોટિસ ઈલેક્ટ્રોનિક માધ્યમ થી તમામ સભ્યોને મોકલાવી છે જેના ઈમેલ એડ્રેસ કંપની / ડિપોજિટરિઝ સાથે રજિસ્ટર્ડ છે તથા જેમના નામ ડિપોજિટરિ ધરાવતા રજિસ્ટર ઓફ મેમ્બર્સ માં અથવા રજિસ્ટર ઓફ બેનિફીશિયલ ઓનર્સમાં શુક્રવાર, તારીખ ૧૦ મી નવેમ્બર ૨૦૨૩ ના રોજ સામેલ છે એમની પાસેથી કંપની નીચે મુજબ ઠરાવો માટે પોસ્ટલ બેલેટ (રીમોટ ઈ -વોટિંગ) દ્વારા મંજૂરી માંગી રહી છે.

| નંબર | ઠરાવનો પ્રકાર | ઠરાવ |
|---|---|---|
| 1 | વિશેષ | શ્રીમતી કવિતા શાહ (DIN: 02566732) ની, કંપનીના સ્વતંત્ર ડિરેક્ટર (independent Director) તરીકે 18મી સપ્ટેમ્બર 2023થી 17મી સપ્ટેમ્બર 2028 સુધી સતત પાંચ વર્ષ માટે નિમણૂક કરવા માટે. |
| 2 | વિશેષ | શ્રી અશોક કુમાર ગોયલ (DIN: 00025350) ની, કંપનીના સ્વતંત્ર ડિરેક્ટર (independent Director) તરીકે 1લી નવેમ્બર 2023થી 31 મી ઓક્ટોબર 2028 સુધી સતત પાંચ વર્ષ માટે નિમણૂક કરવા માટે. |
| 3 | સાધારણ | શ્રી મિહિર એચ. પારેખ ની ઓફિસ તથા નફા ની જગ્યા ઉપર નિમણૂક કરવા બહાલી આપવા. |

કંપનીએ ઈ-વોટિંગ સુવિધા પૂરી પાડવા માટે નેશનલ સીક્યુરિટી ડિપોજિટરિ લિમિટેડ (NSDL) ની સુવિધા લીધેલ છે. નોટિસમાં ઈ-વોટિંગ માટેની વિગતોની તમામ સૂચના આપવામાં આવી છે.

**રિમોટ ઈ-વોટિંગનું સમયપત્રક :**

| | |
|---|---|
| રીમોટ ઈ-વોટિંગ માટે પાત્ર થવા માટેની કટ ઓફ ડેટ | શુક્રવાર 10 મી નવેમ્બર 2023 |
| રીમોટ ઈ-વોટિંગની શરૂઆત | બુધવાર 15 મી નવેમ્બર 2023 ના રોજ સવારે 09.00 કલાકે (IST) |
| રિમોટ ઈ-વોટિંગનું સમાપન | ગુરુવાર 14 મી ડિસેમ્બર 2023 ના સાંજે 5.00 કલાકે (IST) |

સભ્યોની સંમતિ અથવા અસંમતિનો સંદેશાવ્યવહાર ફક્ત રિમોટ ઇ-વોટિંગ સિસ્ટમ દ્વારા જ થશે. સભ્યોના મતદાન અધિકારો કટ ઓફ ડેટ મુજબ કંપનીની પેઈડ અપ ઈક્વિટી શેર મૂડીમાં તેમના દ્વારા ધરાવતા શેરના પ્રમાણમાં રહેશે.

જે વ્યક્તિ કટ ઓફ તારીખ ના રોજ સભ્ય નથી તેમણે નોટિસને ફક્ત તેમની માહિતીના ભાગ રૂપે ગણવી. એક વખત ઠરાવ પર મતદાન કર્યા પછી ફરીથી સભ્ય મત આપવા અથવા મત બદલવા હકદાર રહેશે નહીં.

રિમોટ ઈ-વોટિંગનું સમયગાળો 14મી ડીસેમ્બર ની રોજ સાંજે 5 વાગ્યે સમાપ્ત થશે અને એના પછી રિમોટ ઈ-વોટિંગની પ્રક્રિયા (module), એન એસ ડી એલ (NSDL) દ્વારા બંધ કરવામા આવશે.

કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે પોસ્ટલ બેલેટ ની પ્રક્રિયા નિષ્પક્ષ અને પારદર્શિતાથી થાય તે માટે શ્રી ભાસ્કર ઉપાધ્યાય (Membership No.: 8663, COP 9625), પાર્ટનર, મેસર્સ એન એલ ભાટિયા અને એસોસિએટ્સ, કંપની સેક્રેટરીની નિમણૂક કરી છે.

પોસ્ટલ બેલેટ નોટિસ કંપનીની વેબસાઈટ www.nilkamal.com અને એન એસ ડી એલ (NSDL) ની વેબસાઈટ www.evoting.nsdl.com અને સ્ટોક એક્સ્ચેંજ ની વેબસાઈટ જેમ કે બીએસઈ www.bseindia.com અને નેશનલ સ્ટોક એક્સ્ચેંજ ઓફ ઈન્ડિયા www.nseindia.com ઉપર ઉપલબ્ધ છે.

ડિમેટ સ્વરૂપે શેર ધરાવતા સભ્યો જેમને પોતાનું ઈ-મેઈલ સરનામું તેમના ડિપોઝીટરી પાર્ટિસિપન્ટ પાસે નોંધાવેલ / અપડેટ કરાવેલ નથી તેઓને તેમના ડી. પી. પાસે પોતાની ઈ-મેઈલ સરનામાની વિગતો નોંધાવા / અપડેટ કરવા વિનંતી છે.

ફિજિકલ સ્વરૂપે શેર ધરાવતા સભ્યો જેમને પોતાનું ઈ-મેઈલ સરનામું કંપનીમાં નોંધાવેલ / અપડેટ કરાવેલ નથી તેઓને તેમના ઈ-મેઈલ સરનામની અને અન્ય કેવાયસી (KYC) વિગતો નિયત કરવામા આવેલ ફોર્મ ISR-1 કંપનીના રજિસ્ટ્રાર તથા શેર ટ્રાન્સફર એજેંટ મેસર્સ લિંકટાઈમ ઈન્ડિયા પ્રાયવેટ લિમિટેડ સમક્ષ રજૂ કરવા વિનંતી છે. શેરધારકો કંપનીની વેબસાઈટ https://www. https://nilkamal.com/all-other-announcements/ પર સંબંધિત ફોર્મ્સ એક્સેસ કરી શકે છે.

ઈ-વોટિંગ સંબંધિત વિગતો માટે પોસ્ટલ બેલેટ નોટિસનો સંદર્ભ લેવાની વિનંતી છે. ઈ-વોટિંગ સંબંધિત કોઈ પ્રશ્નો હોય તો એના સમાધાન માટે એન એસ ડી એલ (www.evoting.nsdl.com) ની ડાઉનલોડ સેક્શન માં શેરધારકો માટે ઉપલબ્ધ વારંવાર પૂછાતા પ્રશ્નો (FAQs) અને ઈ-વોટિંગ માર્ગદર્શિકાનો સંદર્ભ સભ્યો લઈ સકે છે તથા (022) 4886 7000 તથા (022) 2499 7000 આ નંબર્સ ઉપર વાત કરી સકે છે અથવા એન એસ ડી એલના સહાયક ઉપ પ્રમુખ (AVP) શ્રી અમિત વિશાલ થી સંપર્ક કરે અથવા એન એસ ડી એલની વરિષ્ઠ મેનેજર શ્રીમતી પલ્લવી મ્હાત્રેને evoting@nsdl.co.in પર ઈ મેલ મોકલવી શકે અથવા એન એસ ડી એલ (NSDL ), ટ્રેડ વર્લ્ડ, A વિંગ, 4 માળે, કમલા મિલ્સ કમ્પાઉન્ડ, લોઅર પરેલ, મુંબઈ-400013 પર સંપર્ક કરી સકે છે.

ઈ-વોટિંગ ની પ્રક્રિયા સંપૂર્ણ થતાં, સ્ક્રૂટીનાઈઝર તેમનો રિપોર્ટ કંપનીના ચેરમેન અથવા કોઈપણ અધિકૃત વ્યક્તિને સુપરત કરશે અને પોસ્ટલ બેલેટનું પરિણામ શુક્રવાર 15 ડિસેમ્બર ના સ્ટોક એક્સ્ચેંજ ની વેબસાઈટ જ્યાં કંપનીના શેર્સ નોંદાયેલ છે એની ઉપર ઉપલબ્ધ કરવામા આવશે. આ પરિણામ કંપની ની વેબસાઈટ www.nilkamal.com તથા એન એસ ડી એલ (NSDL) ની વેબસાઈટ ના evoting@nsdl.co.in ઉપર પણ જોવા મળશે.

બોર્ડ ઑફ ડાયરેક્ટર વતી
સહી/-
પ્રીતી પી. દવે
(કંપની સેક્રેટરી)

સ્થળ: મુંબઈ
તારીખ: ૧૪ નવેમ્બર. ૨૦૨૩

દરેક બ્રાન્ડેડ કંપનીના શુટીંગ, શર્ટીંગ તથા લેટેસ્ટ ડીઝાઈનમાં ટેલરીંગ
શુટ સિવડાવો કાપડ તથા સીલાઈ સાથે રૂા.5000/-
Raymond dinesh Siyaram's DONEAR DIGJAM NIRVĀN SHIRTINGS ICON ashima Kriplon
LORD'S MEN'S WEAR
એમ. જી. રોડ, વલસાડ. ફોન : ૨૪૮૧૭૬

**ઓફિસ કમ હોલ ભાડેથી/ વેચાણથી આપવાનું છે**
ઉદવાડા હાઈવે ટચ બિઝનેસ પોઈન્ટમાં ૧૨૦૦૦ કારપેટ એરીયા ત્રીજા માળે લિફ્ટ, પાર્કિંગની સુવિધા સાથે આપવાનું છે. ૨૦૦૦ થી ૧૨૦૦૦ કારપેટ એરીયા છુટક પણ આપવામાં આવશે.
Contact: 9377005858



Jai Jalaram Bapa
Septic Tank Cleaner
ખાળ કુવાની સફાઈ
खार कुवे की सफाई
TANKER CAPACITY 8000 LITER
WATER JETTING, AIR BLOWING, VACUUMING
પાણીના પ્રેશરથી હવા મારીને ટાંકી સાફ કરી આપવામાં આવશે.
આધુનીક મશિનરી થી કામ કરી આપવામાં આવશે.
Contact: 99046 44348, 98247 28200

**ટેરેસ ગળે છે ??**
વરસાદ માં ગળતા ટેરેસ તથા દિવાલમાં થી આવતા ભેજને કેકફીલીંગ કરી કેમીકલ્સ વળે વોટર પ્રુફીંગ કરી આપનાર
દરેક પ્રકારના મકાનો ને આકર્ષક કલર કામ કરી આપનાર
અરવિંદ પટેલ - વલસાડ
81402 20205

સેલ...સેલ...સેલ...
તારીખ : 25-07-2023 થી સેલ શરૂ
ફેન્સી વેરાયટીનો અખુટ ખજાનો
Black સ્કુલ શુઝ સેન્ડેલ
MAYUR FOOTWEAR
ઓલ સીઝન ચંપલ, સેન્ડેલ શુઝ
ADDA VKC pride sparx RELAXO
Paragon Bata Lakhani campus
શાકભાજી માર્કેટ, જ્યોતિ હોલ નીચે, વલસાડ. મો.:9824254361

★ ડિસ્કાઉન્ટ... ડિસ્કાઉન્ટ... ડિસ્કાઉન્ટ... ડિસ્કાઉન્ટ... ડિસ્કાઉન્ટ... ★

**બ્રાન્ડેડ કંપનીના ટોવેલ, નેપકીન તથા બેડશીટ વજન પર મળશે**

- પરદા બારીના 130/- થી શરુ
- પરદા દરવાજાના 200/- થી શરુ
- 3x6 ગાદલા કવર 150/- થી શરૂ
- 4x6 ગાદલા કવર 200/- થી શરૂ
- શતરંજી 500/- માં ૨ નંગ (6x9)
- સીંગલ બેડસીટ 100/- થી શરૂ
- બ્લેન્કેટ મળશે ● બેડશીટ 350/- ● તકીયા 150/- થી શરૂ
- એન્ટીસ્લીપ ડોરમેટ 50/- ● કીચન નેપકીન 100/- ડજન
- પીલો કવર 50/- ની જોડી ● મેટ્રેસ 3x6 2300/- થી શરૂ.
- કોર્નર સોફાવા કવર 2200/- થી શરૂ
- ટુવાલ (30x60) 50/- 1pc 250/- 6 pc
- ડબલબેડ બેડસીટ (9x9) 400/– King Size
- ઈલાસ્ટીક વાળી ચાદર બનાવી આપવામાં આવશે.
- ગાદલા કવર માપ પ્રમાણે બનાવી આપવામાં આવશે.
- દરેક પ્રકારના સોફા અને સોફાના કવર (બનાવી આપવામાં આવશે)
- જમણવાર પટ્ટા 100/- (2x8)
- ડોરમેટ /કારપેટ/ કમફર્ટર મળશે

100/- ડોરમેટ ૩ નંગ
250/- AC બ્લેન્કેટ
તોલ મોલ કે બોલ.... બધુ જ હોલસેલ ભાવે મળશે
પરદાનું કાપડ વજન પર મળશે
108x108 400/-* ફુલ સાઈઝ બેડશીટ...
અમે તો રહ્યા ગામના જ તો ધ્યાન રાખશો. ગામના છોકરા ઘંટી ચાટે અને પડોશીને આટો આવું ન થાય

THREE HANDLOOM
શોપ નં. ૪, માધવ કોમ્પલેક્ષ, વખારીયા હોલની બાજુમાં, શાકભાજી માર્કેટ, વલસાડ મો. : ૯૪૨૬૪૧૬૧૯૪

★ ડિસ્કાઉન્ટ... ડિસ્કાઉન્ટ... ડિસ્કાઉન્ટ... ડિસ્કાઉન્ટ... ડિસ્કાઉન્ટ... ★